"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં. તા: ૨૬/૧૦/૨૦૧૬

તંત્રી શ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા, મોટી ૨૭ લેઉવા પાટીદાર સમાજના બ્રેનડેડ જીતેન્દ્ર કનુભાઈ પટેલના અંગોનું દાન કરી પરિવારે સમાજને નવી દિશા બતાવી માનવતાની મહેક પ્રસારી

નામ : જીતેન્દ્ર કનુભાઈ પટેલ ઉ. વ. ૫૨ બ્લડ ગ્રુપ: O+ve

ટોરેન્ટ પાવરમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા.

રહેવાસી : ૧૪૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ, જલારામ નગર, ગણેશપુરા, સાયણ રોડ, અમરોલી, સુરત.

મૂળ રહેવાસી : ગામ : બાકરોલ, જી : આણંદ

કૌટુંબિક વિગત : પત્ની: ભાવનાબેન જીતેન્દ્રભાઈ પટેલ ઉ. વ. ૫૨

ઉત્રાણમાં આવેલ ગજેરા સ્કુલમાં સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવે છે.

પુત્રો : ૧. દેવાંગ જીતેન્દ્રભાઈ પટેલ ઉ. વ. ૨૦

૨. વિશાલ જીતેન્દ્રભાઈ પટેલ ઉ. વ. ૧૭

આણંદમાં આવેલ ડી. ઝેડ. પટેલ શાળામાં ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરે છે.

૨....

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

મંગળવાર તા: ૨૫ ઓકટોબર, ૨૦૧૬ ના રોજ જીતેન્દ્રભાઈ ટોરેન્ટ પાવરમાં પોતાની સિક્યુરીટી ગાર્ડ તરીકેની ફરજ બજાવી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે, સવારે ૬:૧૫ કલાકે લાલદરવાજાના બ્રીજ પાસે એક બાઈક ચાલક સાથે અથડાતાં તેઓ પોતાની બાઈક ઉપરથી નીચે પડી જતા, તેમને માથામાં ગંભીર ઈજાઓ થતા તેઓ બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક અશકતાશ્રમ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં MRI અને CT સ્કેન કરાવતાં મગજમાં  ખુબ જ ઈજાઓ અને ખુબજ બ્લીડીંગ થયું  હોવાનું તેમજ ડાબી બાજુના મગજ ઉપર ઈજાને કારણે જમણી બાજુના મગજ ઉપર દબાણ થયું હોવાનું નિદાન થયું હતું. તેથી વધુ સારવાર માટે મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં સવારે ૧૦:૦૦ કલાકે ન્યુરોસર્જન ડો. આશિત દેસાઈની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

મંગળવાર તા: ૨૫ ઓકટોબર, ૨૦૧૬ના રોજ ન્યુરોસર્જન ડૉ. આશિત દેસાઈ અને ન્યુરોફીજીશ્યન ડૉ. અનિરુધ્ધ આપ્ટેએ જીતેન્દ્રભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

મહાવીર ટ્રોમા હોસ્પીટલના નર્સિંગ ડાયરેક્ટર શીલા થોમસે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી જીતેન્દ્રભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનટ લાઈફની ટીમે હોસ્પીટલ પહોંચી જીતેન્દ્રભાઈના ધર્મપત્ની ભાવનાબેન, પુત્ર વિશાલ, સાળા પ્રશાંત, સાઢુભાઈ દક્ષેશભાઈ, ભાણેજ જમાઈ નીલેશ પટેલ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

જીતેન્દ્રભાઈના ધર્મપત્ની ભાવનાબેન તથા પુત્ર વિશાલે જણાવ્યું કે અમારા સ્વજનના બ્રેનડેડ બાદ અમારા પરિવારમાં તો અંધકાર છવાઈ ગયો છે પરંતુ તેઓના અંગોના દાનથી જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારમાં પ્રકાશ ફેલાતો હોય તો તમે ઓર્ગન ડોનેશન માટે આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. બીપીન પાલ અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

3....

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014




દાનમાં મેળવવામાં આવેલી એક કિડની મેઘાણીનગર અમદાવાદના રહેવાસી જયશ્રીબેન શંકરલાલ પરમાર ઉ. વ. ૪૬માં અને બીજી કિડની તાપી જીલ્લાના હથુકા, વાલોડના રહેવાસી હિતેશ અમરતભાઈ ડાંગર ઉ.વ. ૩૫માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જયારે લીવર ખેડાના રહેવાસી કલ્પેશ મહેન્દ્રભાઈ દલવાડી ઉ.વ. ૪૭માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડો. પ્રાંજલ મોદી, ડો જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જીતેન્દ્રભાઈના ધર્મપત્ની ભાવનાબેન, પુત્ર વિશાલ, સાળા પ્રશાંત, સાઢુભાઈ દક્ષેશ, ભાણેજ જમાઈ નીલેશ પટેલ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. આશિત દેસાઈ, ન્યુરોફીજીશ્યન ડો. અનિરુધ્ધ આપ્ટે, ક્રિટીકલ કેર ફેલો ડો. મિલન મોદી, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૭૪ કિડની, ૬૨ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૭ હૃદય અને ૧૫૨ ચક્ષુઓનો દાન મેળવીને ૩૯૮ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.